# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ગુજરાતના વિકાસમાં ઔદ્યોગિક અને માળખાગત પ્રગતિની ચાવીરૂપ ભૂમિકા લેખાવતા મુખ્મયંત્રી
2. સહકારી બેન્કિંગ ક્ષેત્રના વિકાસ માટે ટેક્નોલોજીના લાભ સાથે સંચાલનમાં પારદર્શિતા પર ભાર મુકતા મુખ્યમંત્રી
3. દેશવિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું સ્થળ બન્યું..ગત વર્ષની સરખામણીમાં મુલાકાતીઓમાં 24 ટકાનો વધારો
4. દિવસ દરમિયાન 135 તાલુકાઓમાં વરસાદ,, સૌથી વધુ ભાવનગરના ઘોઘામાં ચાર ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો
5. રાજ્યભરમાં આવતીકાલથી ગરીબ કલ્યાણ મેળાનો આરંભ થશે... બનાસકાંઠાથી રાજ્યક્ષાના ગરીબ મેળાનો મુખ્યમંત્રી આરંભ કરાવશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM CHEMICAL AND PRTRO CHEMICAL CONCLAVE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલક્ષેત્રને ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટેની ચાવીરૂપ ક્ષેત્ર ગણાવ્યું છે.. દેશના અમૃતકાળમાં ભારતને વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનાવવા માટે ઔદ્યોગિક અને માળખાગત વિકાસ મહત્વપૂર્ણ પાસાં છે તેવો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

એસોચેમ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલા ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ કોન્કલેવ-૨૦૨૪નો મુખ્યમંત્રીએ આરંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે ઉદ્યોગો અને માળખાગત વિકાસની મહત્તાને રજૂ કરી હતી..

મુખ્યમંત્રીએ કેમિકલ વેસ્ટનો સંપૂર્ણ નાશ વૈજ્ઞાનિક પદ્ધતિથી થાય તેના ઉપર પણ ચર્ચા કરવા ભાર મૂક્યો હતો..

-----------------

## CO OPERATIVE SUMMIT

કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટર માટે ટેક્નોલોજીના લાભ સાથે સંચાલનમાં પારદર્શિતા દ્વારા વિકાસનો આ સુવર્ણકાળ છે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ ફેડરેશન આયોજિત ‘સહકાર સેતુ’ મેગાઈવેન્ટ અને વેસ્ટર્ન ઈન્ડીયા અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ સમિટનો આજે મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. એક દિવસીય સમિટમાં ૬૦ જેટલી વિવિધ ટેકનોલોજી કંપનીઓની મદદથી બેન્કિંગ ક્ષેત્રે ઉપયોગી સાયબર સુરક્ષા સહિતની ટેકનોલોજી વિશે માહીતી પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાતમાં ૨૧૧ અર્બન કો-ઓપરેટિવ બેંકની ૧ હજાર ૧૩૮ જેટલી શાખા કાર્યરત છે. જેમાં અંદાજે ૮૪ હજાર ૫૩૧ કરોડ રૂપિયાની ડિપોઝીટ અને ૫૨ હજાર ૩૩૩ કરોડ રૂપિયાનું ધિરાણ આપેલું છે. આ બેંકો અંદાજે ૧ હજાર ૩૦૦ કરોડ રૂપિયાનો નફો કરી રહી છે. ગુજરાત સહિત ભારતમાં ૧ હજાર ૪૮૦ જેટલી સહકારી બેંકો કાર્યરત છે.

.................

## CM SC ST BETHAK

ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ હતી.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની ચર્ચા કરવામાં આવી હતી. માનવ ગરિમા યોજના, આદિ જાતિઓના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટેની ડોક્ટર આંબેડકર વિદેશ અભ્યાસ લોન તથા શહેરોમાં અભ્યાસ સાથે આવાસ સુવિધાની સમરસ હોસ્ટેલ વગેરેમાં રાજ્ય સરકારની કામગીરીની આ સમિતીના સભ્યોએ ચર્ચા કરી હતી..

-----------------------------------

## GARIB KALYAN MELO

રાજ્યભરમાં આવતીકાલે ગરીબ કલ્યાણ મેળા યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે બનાસકાંઠા શહેરમાં રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાને ખુલ્લો મૂકશે.

આ પ્રસંગે જળ સંપત્તિ મંત્રી કુવરજી બાવળીયા પણ ઉપસ્થિત રહેશે. વલસાડમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઇ, જામનગરમાં કૃષિ મંત્રી રઘવાજી પટેલ તો મહેસાણામાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને દેવભૂમિ દ્વારકામાં મુળુભાઇ બેરા જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું ઉદ્ઘાટન કરશે. રાજયભરમાં અલગ અલગ જિલ્લાઓમાં યોજાનાર જિલ્લા કક્ષાના મેળાઓમાં રાજ્ય સરકારના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનથી 125 કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત કીટ્સનું લાભાર્થીઓને પ્રત્યક્ષ વિતરણ થશે.

અંતરિયાળ વિસ્તારના વંચિત-ગરીબ લોકો સુધી સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડવા 2009થી નરેન્દ્રમોદીએ ગરીબ કલ્યાણ મેળાનો અભિગમ આપ્યો છે.

આ ગરીબ કલ્યાણ મેળામાં વ્યક્તિલક્ષી યોજનાઓ, માનવ ગરીમા યોજના, કુંવરબાઇનું મામેરૂ, ડો. આંબેડકર આવાસ યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના, પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, યોજના વગેરેના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. યોજના, માનવ કલ્યાણ યોજના, માતૃ અને બાળ કલ્યાણ યોજના, સામાજિક સુરક્ષા યોજના, વિભિન્ન આવાસ યોજના, સ્વરોજગારી યોજના, શૈક્ષણિક યોજના અંતર્ગત સહાય અને લાભો લાભાર્થીઓને હાથોહાથ આપવામાં આવશે.

-----------------------------------

# BANASKANTHA PANI PURVATHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે બનાસકાંઠામાં 633 કરોડ રૂપિયાના બે પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ કરશે.

બનાસકાંઠા જિલ્લામાં પીવાની પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે ડીસા અને લાખણી તાલુકાના ગામોની જૂથ પાણી પુરવઠા યોજના ઉપરાંત દેવપુરા અને રણકપુર ઓફટેક યોજનાના સુધારિત વિકાસ કાર્યોનું પણ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાશે.

આ બે યોજનાઓને કારણે ડીસા અને લાખણી તાલુકાના ૪૪ ગામો તેમજ દિયોદરના કુલ 104 ગામ અને થરા શહેરને શુદ્ધ પીવાના પાણીનો લાભ મળશે. આ બંને યોજનાઓ અંતર્ગત નર્મદા કેનાલના પૂર્વ ભાગના કુલ 192 ગામોના અંદાજે 7 લાખ નાગરિકો માટે દૈનિક **૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી વિતરણ કરી શકાશે.**

-----------------------------------

# RAGHAVJI PATEL

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે રાજ્યમાં અતિ વૃષ્ટિને લીધે થયેલા પાક નુકસાન સામે ટૂંક સમયમાં વળતરની જાહેરાત કરાશે.

ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ઉદવહન પિયત સહકારી સંઘ ગાંધીનગર દ્વારા ચોથી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂત પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં તેમણે ઉમેર્યું કે કેન્દ્ર સરકાર ટેકાના ભાવે રાજ્યના ખેડૂતો પાસેથી કપાસની ખરીદી કરશે. આગામી 1 ઓક્ટોબરથી રાજ્યના 13 ખરીદી કેન્દ્રો પર કપાસની ખરીદી શરૂ થશે.

(બાઈટ - કૃષિ મંત્રી રાઘવજી પટેલ)

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

………………………………

## RAIN DISTRICT

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ આગામી ત્રણ દિવસ દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાંક સ્થળોએ પણ હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

નર્મદા જિલ્લામાં ભારે વરસાદના કારણે દેવલિયા- નસવાડી હાઈવે પર વૃક્ષ ધરાશાયી થતાં વન વિભાગ દ્વારા તાત્કાલિક વૃક્ષને હટાવી વાહન વ્યવહાર પૂર્વવત્ત કરાયો. જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન તિલકવાડા તાલુકામાં ૫૯ મિલીમીટર વરસાદ નોંધાયો.

વલસાડ જિલ્લામાં આજે એક થી બે ઇંચ વરસાદ નોંધાતા ખેતી પર નિર્ભર ખેડૂતોના ડાંગરના પાકને જીવત દાન મળતા ચાલુ વર્ષે ડાંગરનો પાક સારોની સંભાવના વ્યકત કરાઇ.

મહેસાણા જિલ્લાના ખેરાલુ વડનગરમાં તોફાની વરસાદથી માર્ગ પરના ૧૦ કરતાં વધુ વૃક્ષો પડી ગયા હતા અને હાઈવે પર પાણી ભરાયા હતા

અમદાવાદમાં પણ એસ.જી.હાઇવે, સાયન્સ સીટી, ગોતા, નવરંગપુરા અને માણેકચોકમાં વરસાદ વરસ્યાના અહેવાલ છે.

-------------------

## WEATHER FORCAST

ગુજરાતમાં આગામી બે દિવસ દરમિયાન ભારે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.  આવતીકાલે વલસાડ, દક્ષિણ ગુજરાતમાં સુરત, ડાંગ, નવસારી, તાપી અને સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત 30થી 40 કિલોમીટર પ્રતિકલાકે પવન ફૂંકાવાની પણ શક્યતા દર્શાવી છે..

આ ઉપરાંત છોટાઉદેપુર, વડોદરા, દાહોદ જેવા જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

જ્યારે 28 સપ્ટેમ્બરના રોજ મધ્ય ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ , દાહોદ અને સૌરાષ્ટ્રના ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવીને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બીજીતરફ આજે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 135 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં ભાવનગરના ઘોઘામાં સૌથી વધુ ચાર ઇચ વરસાદ વરસ્યો છે. ભાવગરમાં ત્રણ ઇંચ અને કોડિનારમાં ઇઢી ઇંચ વરસાદ વરસ્યો છે.

---------

## lightening death

સુરેન્દ્રનગર જિલ્લામાં જુદી જુદી જગ્યાએ વીજળી પડવાની ઘટનાઓમાં 34 થી વધુ પશુઓના મોત થયા છે. જેમાં મુળી તાલુકાના ભેટ ગામે વિજળી પડવાથી 31 બકરીઓના મોત થયા હતા.. જ્યારે સરા ગામમાં એક ભેંસનું પણ વીજળી પડવાથી મોત થયું છે, જ્યારે થાનગઢ તાલુકાના તરણેતર ગામે ભેંસ તેમજ રૂપાવટી ગામે પશુનું મોત થયેલુ છે. આ ચારેય ગામમાં વિજળી પડવાથી પશુઓના મોત થવાની ઘટનાની જાણ તંત્રને કરવામાં આવી હતી.. તંત્ર દ્વારા પોસ્ટ મોર્ટમ રિપોર્ટના આધારે સહાય આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મહેસાણાના ગોઝારીયા ગામ ખાતે વરસાદી માહોલ વચ્ચે આકાશી વીજળી પડતા ત્રણ ભેંસોના કરુણ મોત થયા છે.

--------------

# PRASAD AMUL

પ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરના મંદિરમાં પ્રસાદ બગડી જતો હોવાનો એક સેવક દ્વારા થયેલા આક્ષેપને અમૂલ દ્વારા નકારવામાં આવ્યાં છે.. આણંદ અમૂલ ડેરી દ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ યોજી બે દિવસથી ચાલતા ડાકોર પ્રસાદના વિવાદ બાબતે સ્પષ્ટીકરણ કરવામા આવ્યું હતું. જેને લઈને આજે સમગ્ર મામલે અમુલ ડેરીના મેનેજીંગ ડાયરેક્ટર અમિત વ્યાસે પ્રેસ કોન્ફરન્સ યોજીને નિવેદન આપતા જણાવ્યું હતું કે ડાકોર મંદિરના સેવકના આક્ષેપ પાયા વિહોણા છે તથા અમુલ ઘી પર કરાયેલા આક્ષેપોને અમુલ દ્વારા વખોડી કઢાયા છે.

(બાઇટ અમિત વ્યાસ, એમડી, અમૂલ ડેરી, આણંદ)

બીજી તરફ વિખ્યાત દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરના તંત્ર દ્વારા પ્રસાદ બાબતે સ્પષ્ટતા કરાઇ હતી કે  પ્રસાદ બનાવવા માટે ઉચ્ચ ગુણવત્તાની ચીજ વસ્તુઓ  વપરાય છે. પ્રસાદના સેમ્પલ ચકાસણી માટે મોકાલાયા હોવાનો પણ ઉલ્લેખ કરાયો હતો..

------------------------------------